# આજથી મોદી રશિયા-મધ્ય એશિયાના પ્રવાસે



નવીદિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી ફરી વિદેશયાત્રા ઉપર રવાના થઈ રહ્યા છે. છઠ્ઠી જુલાઈથી ૧૩મી જુલાઈ વચ્ચે મોદી રશિયા અને મધ્ય એશિયાના પાંચ દેશોની યાત્રા ઉપર રવાના થઈ રહ્યા છે. મોદીની આ વિદેશ યાત્રા ઉપર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. વિદેશ યાત્રા દરમિયાન તેઓ રશિયામાં બ્રિક્સ અને શાંઘાઇ સહકાર સંગઠનની બેઠકમાં ભાગ લેશે. મોદી ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, રશિયા, તુર્કમેનિસ્તાન, કિર્ગીસ્તાન અને તઝાકિસ્તાનની યાત્રા પર જઈ રહ્યા છે. મોદીની રશિયા અને મધ્ય એશિયાની આ યાત્રા એનર્જી અને વેપાર કારોબારના સંબંધોને વધુ મજબૂત બનાવશે. મોદી રશિયા અને પાંચ મધ્ય એશિયન દેશોની યાત્રા ઉપર રવાના થઈ રહ્યા છે. ડિફેન્સ પ્રોડક્શનમાં ૪૯ ટકા સુધી એફડીઆઈને વધારવાની મંજુરી મળી ગઈ છે ત્યારે રશિયા સાથે ભારતના આર્થિક સંબંધો નવી ઉંચાઈ ઉપર પહોંચે તેવા સંકેત છે. પ્રદેશમાં વ્યૂહાત્મક સંબંધોને વધુ વેગ આપવામાં આવશે. મોદી છઠ્ઠીથી ૧૩મી જુલાઈના ગાળા દરમિયાન પાંચ મધ્ય એશિયન દેશો અને રશિયાની યાત્રા ઉપર રહેશે.

વડાપ્રધાનના પ્રવાસની શરૂઆત ઉઝબેકિસ્તાનથી થશે જ્યાંથી તેઓ ૭મી જુલાઈના દિવસે કઝાકિસ્તાન જશે, ત્યાંથી તેઓ રશિયા જશે. ૮મી જુલાઈના દિવસે તેઓ રશિયા પહોંચશે. ૧૦મી જુલાઈના દિવસે તુર્કમેનિસ્તાન પરત ફરતા પહેલા રશિયા પહોંચશે. ૧૧મી જુલાઈના દિવસે કિર્ગીસ્તાન અને ૧૨મી જુલાઈના દિવસે તઝાકિસ્તાનમાં રહેશે. મોદીની આ સીમાચિન્હરુપ યાત્રાની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. મોદીની યાત્રા ખુબ જ મહત્વપૂર્ણ છે. પ્રદેશમાં પ્રાચીન સંબંધોને પણ મજબૂત કરવામાં આવશે. કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીને અંદાજ છે કે, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, તુર્કમેનિસ્તાન, કિર્ગીસ્તાન, તઝાકિસ્તાન એમ પાંચ મધ્ય એશિયન દેશો સાથે વેપારનો આંકડો ૧.૪ અબજ ડોલરના નાનકડા બેઝથી હવે અનેકગણો વધશે. ભારત અને સેન્ટ્રલ એશિયન પ્રદેશને જોડતા વધારે પરિવહન કોરિડોરની જરૂરિયાત ઉપર ભાર મુકતા સીઆઈઆઈએ કહ્યું છે કે, પ્રાથમિકતા ટીએપીઆઈ (તુર્કમેનિસ્તાન-અફઘાનિસ્તાન-ઈરાન-પાકિસ્તાન) પાઈપલાઈન પ્રોજેક્ટને મળે તે જરૂરી છે. એનર્જી સેક્ટરને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે કઝાકિસ્તાન તેલ ભંડાર દેશ તરીકે છે જ્યારે અન્ય દેશો કુદરતી ગેસના ભંડાર તરીકે છે. સીઆઈઆઈનું કહેવું છે કે, મધ્ય એશિયામાં ભારત માટે વ્યાપક તકો રહેલી છે જેમાં ઓઈલ એન્ડ ગેસ, ખનીજ અને મેટલ, કૃષિ પેદાશો, ફાર્મા, ટેક્સટાઈલ, કેમિકલ જેવા ક્ષેત્રોમાં વધારે તક રહેલી છે. બીજી બાજુ એસોચેમના કહેવા મુજબ એફડીઆઈ મર્યાદાને ૪૯ ટકા સુધી કરવાથી વધારે મૂડીરોકાણ અને ખાસ કરીને રશિયાથી જંગી રોકાણ આવી શકે છે.

**નેશનલ કેરિયર દ્વારા વિચારણા**

## એર ઈન્ડિયા ટોરેન્ટોની સીધી ફ્લાઈટ શરૂ કરશે

નવીદિલ્હી,તા. ૫

નેશનલ કેરિયર એર ઇન્ડિયા નવી દિલ્હીથી સાનફ્રાન્સિસ્કો અને ટોરેન્ટોની સીધી ફ્લાઇટ શરૂ કરવા ગંભીરતાપૂર્વક વિચારે છે. ટૂંક સમયમાં જ આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. એફએએ દ્વારા સેફ્ટી અપગ્રેડ કરવામાં આવ્યા બાદ અમેરિકામાં તેમના ઓપરેશનને ફેલાવવા સ્થાનિક કેરિયરો ઉપર નિયંત્રણો દૂર કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવશે. એરલાઈનના સૂત્રોએ કહ્યું છે કે, હાલમાં એર ઇન્ડિયા ન્યુયોર્ક અને શિકાગોની ફ્લાઇટ ઓપરેટ કરે છે. હવે સાન ફ્રાન્સિસ્કો અને ટોરેન્ટોની સીધી ફ્લાઇટ આ વર્ષે શિયાળાથી શરૂ થાય તેવી ગણતરી કરવામાં આવી રહી છે. સાન ફ્રાન્સિસ્કો અને ટોરેન્ટોની ત્રણ સાપ્તાહિક ફ્લાઇટો શરૂ કરવામાં આવશે. આના માટે બી૭૭૭-૨૦૦ એલઆર વિમાનની સેવા લેવામાં આવશે. બી૭૭૭-૨૦૦ એલઆર વિમાનમાં વધુ યાત્રીઓ એક સાથે બેસી શકે છે. એર ઇન્ડિયા નોનસ્ટોપ ફ્લાઇટ રાખશે.

## ૧૦૧ નદીઓને વોટરવેઝમાં ફેરવી નાંખવાની તૈયારી શરૂ

નવીદિલ્હી, તા.૫

જળ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે ઉત્સુક સરકાર સંસદના આગામી મોનસુન સત્રમાં બિલ રજૂ કરવાની યોજના ધરાવે છે જેમાં દેશભરની ૧૦૧ નદીઓને વોટરવેઝમાં ફેરવી નાંખવાની જોગવાઈ રહેલી છે. માર્ગ પરિવહન, રાજમાર્ગ અને શિપિંગ પ્રધાન નિતીન ગડકરીએ કહ્યુ છે કે વોટરવેઝમાં પ્રવર્તમાન નદીઓને ફેરવી નાંખવાની બાબત યોગ્ય છે. સરકારે વોટરવેઝમાં ૧૦૧ નદીઓને ફેરવી નાંખવાની નિતી તૈયાર કરી લીધી છે. તેમણે કહ્યું હતુ કે આ સંબંધમાં સંસદના આગામી સત્રમાં બિલ રજૂ કરવામાં આવનાર છે. તેમના મંત્રાલયની વોટરવેઝને



સર્વોચ્ચ પ્રાથમિકતા બનાવી દેવાની વાત કરતા તેમણે કહ્યું હતું કે રોડ અને નેટવર્કિંગથી બોજ ઉતરી જવાની સાથે સાથે આ કોસ્ટ ઈફેક્ટીવ પણ સાબિત થશે. કમનસીબ રીતે પરિવહનના આ મોડનો હજુ સુધી ઉપયોગ કરવામાં આવ્યો નથી. ચીન અને યુરોપમાં આનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. વોટરવેઝ મારફતે કુલ પરિવહન ખર્ચ પ્રતિ કિલોમીટર માત્ર ૩૦ પૈસા થાય છે જ્યારે રેલવે મારફતે કુલ પરિવહન ખર્ચ કિલોમીટરદીઠ એક રૂપિયા થાય છે. જ્યારે માર્ગ મારફતે ખર્ચ ૧.૫૦ થાય છે.

તેમણે માહિતી આપતા કહ્યુ હતું કે જાપાન અને કોરિયા તો વોટરવેઝ પર આધારિત છે. સરકારે હજુ સુધી વોટરવેઝ તરીકે માત્ર પાંચ નદી પટ્ટાને જાહેર કર્યા છે. ૫૫ નદીઓ માટે નિષ્ણાંતોની નિમણૂંક કરવામા આવી છે. જરૂરી મંજૂરી એક વખતે મળી ગયા બાદ વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી લેવામાં આવશે. પ્રોજેક્ટ ખાનગી-જાહેર પાર્ટનરશીપના આધારે આગળ વધશે. સરકારે સુખા અને સેટેલાઈટ બંદરો સ્થાપિત કરવા માટે પ્રોજેક્ટ લોંચ કરવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત વોટરવેઝમાં નદીઓને ફેરવી દેવામાં આવનાર છે.

**૨૭ રાજ્યોમાં ૬૦૦ શાખાઓ રહેશે**

## બંધન ૨૩મી ઓગષ્ટથી બેકિંગ સેવા શરૂ કરી દેશે

કોલક્તા,તા. ૫

યુનિવર્સલ બેકિંગ શરૂ કરવા માટે ભારતીય રીઝર્વ બેંક પાસેથી અંતિમ લાયસન્સ મેળવી ચુકેલી માઈક્રો ફાઈનાન્સ સંસ્થા બંધન ફાયનાન્સિયલ સર્વિસ ૨૩મી ઓગષ્ટથી બેકિંગ સેવા શરૂ કરનાર છે. બંધનના ચેરમેન ચન્દ્રશેખર ઘોષે માહિતી આપતા કહ્યું છે કે ૨૩મી ઓગષ્ટથી બંધન બેંક હેઠળ અમે બેકિંગ સેવા શરૂ કરવા જઈ રહ્યા છીએ. દેશભરમાં ૨૭ રાજ્યોમાં ૬૦૦ શાખાઓ સાથે અમે કામગીરી શરૂ કરવા જઈ રહ્યા છીએ. ૨૫૦ સ્થળ પર એટીએમની પણ સેવા રહેશે. પશ્ચિમ બંગાળમાં ૨૪૭ શાખા રહેશે. જ્યારે બિહાર, ઓરિસ્સા અને આસામમાં પણ મોટી સંખ્યામાં શાખા કાર્યરત થશે. ઘોષે એમ પણ કહ્યું છે કે શાખાઓ પૈકી ૬૫ ટકા ગ્રામીણ વિસ્તારમાં રહેશે. જ્યારે બાકીની ૩૫ ટકા શહેરી વિસ્તારોમાં રહેશે. તેમણે કહ્યું હતું કે તમામ શાખા કોર બેન્કિંગ પ્લેટફોર્મ પર કામ કરશે. બંધન આરટીજીએસ, એનઈએફટી, પેમેન્ટ ગેટવે અને સીટીએસ માટે પણ અલગ આરબીઆઈ લાયસન્સ મેળવી લેશે. પ્રાપ્ત માહિતી મુજબ એમએફઆઈને ૧૮ મહિનાના સમયમી અંદર એપ્રિલ ૨૦૧૪માં યુનિવર્સલ બેકિંગ શરૂ કરવાની સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી.

**દાઉદના સાથી છોટા શકીલને માહિતી અપાઈ**

## રાજન હજુ ઓસ્ટ્રેલિયામાં છુપાયો : ગેંગવોરના સંકેત

મુંબઈ,તા.૫

અંડરવર્લ્ડમાં જારી રક્તપાત હાલ જારી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. દાઉદ ઈબ્રાહિમ અને છોટા રાજન ગેંગ વચ્ચે ગેંગવોર જારી રહેવાના ભણકારા વાગી રહ્યા છે. ઈન્ટેલિજન્સ સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે છોટા રાજન હજુ ઓસ્ટ્રેલિયામાં જ છે અને દાઉદના સાથી છોટા શકીલની સાથે તેની અથડામણની ચોક્કસપણે શક્યતા રહેલી છે. રાજનના સાથી તરફથી તેની સુરક્ષા સાથે સંબંધિત માહિતી લીક થયા એવા અહેવાલ છે કે તે અંડરગ્રાઉન્ડ થઈ ગયો છે. જો કે નવેસરના અહેવાલ મુજબ સુરક્ષા સંસ્થાઓ ઓસ્ટ્રેલિયાની ઘટના પર ચાંપતી નજર રાખી રહી છે. એક અધિકારીએ અગ્રણી અગ્રેજી અખબારને માહિતી આપી છે કે છોટા રાજન ન્યુ કૈસલથી નિકળીને કોઈ વણઓળખાયેલી જગ્યાએ શિફ્ટ થઈ ગયો છે. છોટા શકીલને રાજનના સ્થળ અંગે ફરી માહિતી આપવામાં આવી છે અને છોટા શકીલે પોતાના સાથીઓને ઓસ્ટ્રેલિયાથી પરત બોલાવ્યા નથી. શકીલે વાતચીતમાં કહ્યું હતું કે તેના લોકો હજુ પણ ઓસ્ટ્રેલિયામાં છુપાયેલા છે. સુત્રોએ કહ્યું છે કે રાજનની તબિયત હજુ સારી થઈ નથી અને તે શકીલ સાથે કોઈ સંઘર્ષમાં ઉતરવા ઈચ્છુક નથી જેથી તે હાલમાં પીછેહઠ કરી રહ્યો છે. જો કે, આ બાબતની શક્યતાને નકારી શકાય નહીં કે, રાજન પોતાની ગેંગને ફરી સક્રિય અને સંગઠિત કરવાના પ્રયાસ કરી શકે છે પરંતુ તેની શક્યતા ઓછી દેખાઈ રહી છે. તેની તબિયત હાલમાં સારી થઈ નથી.

ઓસ્ટ્રેલિયામાં સંશાધનોના અભાવમાં રાજન વળતો જવાબ આપી શકે તેવી શક્યતા દેખાઈ રહી નથી. પ્રશ્ન એ ઉભો થઈ રહ્યો છે કે, ડી કંપની રાજનને પતાવી દેવાના મૂડમાં કેમ દેખાઈ રહી છે. ઈન્ટેલીજન્સ સુત્રો આના માટે દલીલ કરે છે કે, કંપની માટે આ પ્રતિક જીત હોઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છોટારાજન ઉપર વર્ષો પહેલા બેંગકોકમાં ડી ગેંગ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જેમાં રાજન સહેજમાં બચી ગયો હતો. ત્યારબાદથી તેની તબિયત એકદમ સુધારા પર થઈ નથી. હજુ પણ ગેંગવોરની શક્યતા રહેલી છે.

**શંકાસ્પદ સ્થિતિમાં મૃતદેહ મળ્યો**

## હવે જબલપુર મેડિકલના ડીન મૃત સ્થિતિમાં મળ્યા

ભોપાલ,તા.૫

જબલપુરના નેતાજી સુભાષચંદ્ર બોઝ મેડિકલ કોલેજના ડીન ડોક્ટર અરુણ શર્મા આજે સવારે દિલ્હીમાં દ્વારકા સ્થિતિ ઉત્પલમાં હોટલમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. તેઓ શનિવારના દિવસે આ હોટલમાં રોકાયા હતા. એમ માનવામાં આવે છે કે, આજે સવારે તેઓ ફ્લાઇટ મારફ્તે રવાના થનાર હતા. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધો છે. જબલપુર મેડિકલ કોલેજના અન્ય એક ડીન મૃત હાલતમાં મળતા સનસનાટી મચી ગઇ છે. ચોથી જુલાઈના દિવસે જબલપુરના આજ મેડિક્લ કોલેજના ડીન ડોક્ટર બી.કે. સકાલે પણ શંકાસ્પદ સ્થિતિમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. ડોક્ટર અરુણ શર્મા જબલપુર મેડિક્લ કોલેજના રેડિયોલોજી ડિપાર્ટમેન્ટના ડીન તરીકે હતા. મહિના પહેલા જ તેઓએ ડીન તરીકેની જવાબદારી સંભાળી હતી. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, તેઓ આજે હોટલના પોતાના રૂમમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. ડોક્ટર શર્મા મેડિક્લ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની નિરીક્ષણ ટીમ સાથે અગરતલા જનાર હતા. સતત બે ડીનના મોત બાદ વ્યાપમ મામલામાં ફ્સાયેલા રાજ્યના મેડિક્લ કોલેજોના ડીન વચ્ચે ચિંતાનું મોજુ ફ્રી વળ્યું છે. ડીન અરુણ શર્માના મોતને પણ આ કૌભાંડ સાથે જોડીને જોવામાં આવે છે. આ કૌભાંડમાં કેટલીક નવી કડીઓ સપાટી ઉપર આવી શકે છે.

**પોતાના નવા પુસ્તકમાં ચોંકાવનારો ધડાકો**

## સલ્લાઉદ્દીન આજે પણ ભારત પરત ફરવા ઈચ્છુક છે : દુલાત

નવીદિલ્હી,તા.૫

પ્રતિબંધિત હિઝબુલ મુઝાહિદ્દીનનો લીડર સૈયદ સલાઉદ્દીન આજે પણ ભારત પરત ફરવા માટે ઈચ્છુક છે તેવો ધડાકો ભારતની જાસુસી સંસ્થા રિસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ (રો)ના પૂર્વ વડા એએસ દુલાત દ્વારા કરવામાં



આવ્યો છે. દુલાતનું કહેવું છે કે, તેની વાપસી માટેની યોજના તૈયાર કરવામાં સરકારે ઘણો સમય ખરાબ કર્યો હતો આને લઈને દુલાત દુખી દેખાઈ રહ્યા છે. દુલાતે આ ચોંકાવનારો ઘટસ્ફોટ તેમના પુસ્તક કાશ્મીર દ વાજપેયી યર્સમાં કર્યો છે. તેમનું કહેવું છે કે, ૨૦૦૧ સુધી સલ્લાઉદ્દીન પરત ફરવા માટે તૈયાર હતો. તેઓએ આની સેકડો વખત તરફેણ કરી હતી. તેમના પછી રોના વડા વિક્રમ સુદે પણ આમા તૈયારી દર્શાવી હતી. દુલાતે કેટલાક પાસાઓને નકારી કાઢ્યા છે. ઈન્ટેલીજન્સ બ્યુરોના શ્રીનગર વડા કેએમ સિંહને મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે તેમના પુત્રની મદદ કરવા માટે સલ્લાઉદ્દીન તરફથી કોઈ કોલ મળ્યો હોવાના અહેવાલને દુલાતે રદિયો આપ્યો હતો. પોતાના પુસ્તકમાં તેમણે એમ પણ કહ્યું છે કે, કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિના સંદર્ભમાં તેઓ કોઈ વાત કરી રહ્યા નથી. વર્ષ ૨૦૦૦માં રોમાંથી નિવૃત્ત થઈ ગયા પછી પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના પીએમઓમાં કાશ્મીર અંગે સ્પેશિયલ એડવાઈઝર તરીકે દુલાત કામ કરી રહ્યા હતા. જો કે, તેઓએ અહીંથી નિકળી ગયા બાદ રો દ્વારા કાશ્મીર મામલામાં કોઈ વધારે રસ લીધો ન હતો. તેમના કારણે જ રોમાં કાશ્મીરને લઈને ઉત્સુકતા રહી હતી. દુલાતે એવો દાવો પણ કર્યો છે કે, સલ્લાઉદ્દીને ૧૯૯૦ના મધ્યમાં રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મીર કાસિબને પણ વાત કરી હતી.

## આર્જેન્ટિનાને હરાવીને ચિલી ૯૯ વર્ષ બાદ કોપા અમેરિકા ચેમ્પિયન

સેન્ટીયાગો,તા.૫

ચીલીમાં એક કહેવત છે કે કોઈ પણ પીડા ૧૦૦ વર્ષથી વધારે સમય સુધી રહેતી નથી. દેશની સૌથી મોટી પરીક્ષામા પણ આ કહેવત બિલકુલ યોગ્ય સાબિત થઈ છે. કોપા અમેરિકા કપની ફાઈનલ મેચમાં યજમાન ચીલીએ મોટો અપસેટ સર્જીને આર્જેન્ટિના જેવી વિશ્વની સૌથી શક્તિશાળી ટીમોપૈકીની એક પણ જીત મેળવીને નવો ઈતિહાસ સર્જ્યો હતો. ૯૯ વર્ષ સુધી રાહ જોયા બાદ આખરે ચીલી કોપા અમેરિકા કપમાં ચેમ્પિયન બનવામાં સફળ રહ્યુ હતુ. ફાઈનલ મેચમાં ઉતરતી વેળા કહેવત ખોટી સાબિત થવાનો ખતરો હતો. કારણ કે સામે કોઈ અન્ય ટીમ નહી બલ્કે આર્જેન્ટિના જેવી ટીમ હતી. સાથે સાથે ૯૯ વર્ષ પણ ટ્રોફી વગર થઈ ગયા હતા. ચીલીએ પ્રથમ વખત ટ્રોફી જીતી લીધી હતી. ફુલ ટાઈમમાં બન્ને ટીમો કોઈ ગોલ કરી શકી ન હતી. વધુ એક રોમાંચક મેચનો નજરો જોવા મળ્યો હતો. ચીલીએ પેનલ્ટી શુટ આઉટમાં હરિફ ટીમ પર ૪-૧થી રેકોર્ડ જીત મેળવી



હતી. શુટ આઉટ દરમિયાન આર્જેન્ટિના તરફથી એકમાત્ર લિયોએલ મેસ્સી જ ગોલ કરી શક્યો હતો. જ્યારે હિગુએન અને બાનેગા જેવા સ્ટાર ખેલાડી ગોલ કરી શક્યા ન હતા. જ્યારે ચીલી તરફથી ફર્નાન્ડેઝ, વિડાલ, એરાગુએજ અને એલેક્સી સાન્ચેજે ગોલ કર્યા હતા. તમામ ખેલાડીએ પોતાની ટીમને મેચ જીતાડી ઈતિહાસ સર્જવામાં ભૂમિકા ભજવી હતી. છેલ્લે આર્જેન્ટિનાની ટીમ વર્ષ ૧૯૯૩માં કોપા અમેરિકા કપ જીતવામાં સફળ રહી હતી. જ્યારે ચીલી ૯૯ વર્ષ બાદ ચેમ્પિયન બન્યું છે. ચીલી ૨૮ વર્ષમાં પ્રથમ વખત કોપા અમેરિકાની ફાઈનલમાં પહોંચી ગઈ હતી. ચીલીની ટીમ છેલ્લે ૧૯૮૭માં કોપા અમેરિકા કપની ફાઈનલમાં પહોંચી હતી. પરંતુ તે વખતે તે ઉરુગ્વે સામે હારી ગઈ હતી. ગુરેરોની શાનદાર રમતના કારણે પેરૂએ ગઈકાલે રમાયેલી પ્રતિષ્ઠાજનક કોપા અમેરિકા કપ ફુટબોલની ત્રીજા સ્થાન માટેની મેચમાં પરાગ્વે પર શાનદાર જીત મેળવી હતી.

વર્ષ ૨૦૧૧માં કોપા અમેરિકામાં ટોપ સ્કોરર રહેલા ફલેમેન્ગોએ આ ટુર્નામેન્ટમાં પણ ચોથો ગોલ કરી દીધો હતો. આ ગોલની સાથે તે હવે ચીલીના એડુઆર્ડો વર્ગાસની સાથે સૌથી વધારે ગોલ કરનારની યાદીમાં જોડાઈ ગયો હતો. ૩૧ વર્ષીય સ્ટારે તેની ઈન્ટરનેશનલ કેરિયરનો ૨૫મો ગોલ કર્યો હતો. પેરુ તરફથી સૌથી વધારે ગોલ કરવાનો રેકોર્ડ તેઓફિલો ના નામ પર છે. તે ૨૬ ગોલ પોતાની ટીમ તરફથી કરી ચુક્યો છે.

**હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)**

બને ત્યાં સુધી અધિકૃત ટેક્સી સ્ટેન્ડ પરથી જ ટેક્સી કરો ત્યારબાદ ફોન કરીને કોઈ બહેનપણીને ટેક્સીનો નંબર આપી જોરથી બોલો કે એક કલાક પછી ઘરે ફોન કરી તપાસ કરે.

જો કોઈ લિફ્ટમાં હુમલો કરે તો બધી સ્વીચ એક સાથે દબાવી દો. લિફ્ટ દરેક ફ્લોર પર રોકાવા લાગશે. ખરેખર જોઈએ તો અપરાધીનો કોઈ નિશ્ચિત સમય નથી હોતો, પરંતુ જોવા મળે છે કે બપોર પછી કે મોટા ભાગે લોકો ઘરમાં આરામ કરતાં હોય તો તે સમયે અપરાધી માટે ઘરમાં ઘૂસવાનું સરળ બની જતું હોય છે. કોઈ પણ અપરિચિત માટે દરવાજો ન ખોલો, ભલે તે તમારા માટે ફૂલોનો ગુલદસ્તો કેમ લાવ્યો ન હોય! ઘરના મુખ્ય દ્વાર પર લોખંડની જાળી કે દરવાજો જરુર લગાડવો જોઈએ અને તેમાં નાનકડી બારી મૂકવી જેથી તમે ટપાલ જેવી વસ્તુ ત્યાંથી લઈ શકો.

સમારકામ, વીજળી કે ટેલિફોનવાળા આવે તો તેમની કંપનીનું ઓળખપત્ર જરુર તપાસો સંપૂર્ણ ખાતરી થઈ જાય ત્યાર પછી જ દરવાજો ખોલીન કામ કરાવો. નહીંતર તમે સાંજે આવવાનું જણાવો કે જયારે ઘરના બાકીના સભ્યો પણ ઘરે આવી જાય. તમારા દાંત છૂટી કરતાં પણ વધુ અસરકારક બની શકે છે. એવા સંજોગોમાં તેમનો ઉપયોગ કરવાનું ભૂલશો નહીં.

આવા કેટલાંક મુદ્દાને યાદ રાખીને પોતાની જાતને સતર્ક રાખીને સ્ત્રીઓ પોતાને મજબૂત કરી શકે છે.

## સમજોતા કેસ : ૩ સાક્ષીઓએ ફેરવી તોળતા મરણતોળ ફટકો

નવીદિલ્હી,તા.૫

વર્ષ ૨૦૦૭માં સમજોતા એક્સપ્રેસ બોંબ બ્લાસ્ટના મામલામાં તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે ત્રણ સાક્ષીઓ ગુંલાટ મારી ગયા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં પ્રકાશિત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, સ્પેશિયલ પબ્લિક પ્રોસીક્યુટર આરકે હાંડા દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. સમજોતા એક્સપ્રેસ કેસના ત્રણ સાક્ષીઓ શિવમ ધાડક, કવિતા અને ગણપતિ પંચકુલા કોર્ટની સામે પોતાના અગાઉના નિવેદનને બદલી નાંખતા નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને મોટો ફટકો પડ્યો છે. જો કે, સરકારી વકીલે આ સંબંધમાં વિસ્તારપૂર્વક માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે અને કહ્યું છે કે, સાક્ષીઓ બદલાઈ જતાં કેસ ઉપર કોઈપણ પ્રકારની અસર થશે નહીં. તેમણે કહ્યું હતું કે, આના માટે કેસના કાગળો નિહાળવા પડશે. એનઆઈએના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આરોપીઓના કેટલાક સંબંધી અને નજીકના મિત્રો મામલાના સાક્ષી છે. આમા કોઈ આશ્ચર્ય નથી કે, તેઓ પોતાના નિવેદનથી ફેરવાઈ જશે.

## ૮ કંપનીની માર્કેટ મૂડીમાં ૨૫૨૧૭ કરોડનો વધારો

નવી દિલ્હી,તા.૫

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની ટોપ ૧૦ વેલ્યુડ કંપનીઓ પૈકીની આઠ કંપનીઓની માર્કેટ મુડીમાં સંયુક્તરીતે ૨૫૨૧૭.૪૮ કરોડનો વધારો થયો છે. જે કંપનીઓની માર્કેટ મુડીમા છેલ્લા સપ્તાહમાં વધારો થયો છે તેમાં ટીસીએસ, આરઆઈએલ, એચડીએફસી બેંક, સીઆઈએલ, આઈટીસી, સન ફાર્મા, એચડીએફસી અને એસબીઆઈન સમાવેશ થાય છે. જ્યારે છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેન્સેક્સની બે ટોપ કંપનીઓની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. જેમાં ઓએનજીસી અને ઈન્ફોસીસનો સમાવેશ થાય છે. પ્રાપ્ત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન આઈટીસીની માર્કેટ મુડીમાં ૫૬૧૦.૮૬ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વદીને ૨૫૨૮૮૯.૬૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. જ્યારે એચડીએફસીની માર્કેટ મુડીમાં આ ગાળા દરમિયાન ૪૩૭૩.૯ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી ૨૦૭૪૧૨.૬૯ કરોડ સુધી પહોંચી ગઈ છે. સીઆઈએલની માર્કેટ મુડીમાં ૪૧૬૮.૮ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ૨૬૩૪૮૭.૧૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે એસબીઆઈની માર્કેટ મુડીમાં ૨૮૭૫.૧૬ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૦૩૪૧૭.૫૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે એચડીએફસી બેંકની માર્કેટ મુડી ૨૮૫૦.૫૧ કરોડ સુધી વધીને ૨૬૯૮૪૩.૬૩ કરોડ સુધી પહોંચી ગઈ છે. હેવીવેઈટ ગણાતી આરઆઈએલની માર્કેટ મુડીમાં ૨૩૩૦.૨૪ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી ઝડપથી વધીને હવે ૩૨૫૮૨૮.૪૧ કરોડ સુધી પહોંચી ગઈ છે. ટીસીએસની માર્કેટ મુડીમાં ૨૧૦૫.૬૩ કરોડનો વધારો થયો છે જેથી તેની માર્કેટ મુડી વધીને ૫૧૦૨૦૯.૪૬ કરોડ સુધી



પહોંચી ગઈ છે. સન ફાર્માની માર્કેટ મુડી વધી છે. તેની માર્કેટ મુડી હવે ૯૦૨.૩૮ કરોડ વધીને ૨૦૯૫૯૪.૨૬ કરોડ સુધી થઈ ગઈ છે. બીજી બાજુ છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન બે કંપનીઓની માર્કેટ મુડી ઘટી ગઈ છે જેમાં ઈન્ફોસીસની માર્કેટ મુડી ૩૭૦૯.૫૬ કરોડ ઘટીને ૨૨૭૩૮૬.૦૪ કરોડ થઈ ગઈ છે. જ્યારે ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૩૨૫૧.૦૯ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મુડી ૨૬૪૭૦૬.૮૬ કરોડ થઈ ગઈ છે. શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન સેન્સેક્સમાં ૨૮૧ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૮૦૯૩ રહી હતી. માર્કેટ મુડીની દ્રષ્ટિએ ટીસીએસ પ્રથમ ક્રમાંક પર યથાવત છે.